સૌરાષ્ટ્રનાં પાંચ જિલ્લાઓમાં થયેલ ચૌદ જેટલી ચોરીઓનો ભેદ ઉકેલાયો

અમરેલી, બોટાદ, જામનગર, રાજકોટ, પોરબંદર જિલ્લાઓમાં થયેલ ચૌદ જેટલી ચોરીઓનો ભેદ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ ઉકેલી નાંખી આરોપીને ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે

અમરેલી તા.૭

ખૂનના ગુનામાં પેરોલ પરથી ફરાર તથા પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ તથા આંતરજિલ્લામાં ચોરી કરતા રીઢા આરોપીઓને પકડી પાડી અમરેલી, બોટાદ, જામનગર, રાજકોટ, પોરબંદર જિલ્લાઓમાં થયેલ ચૌદ જેટલી ચોરીઓનો ભેદ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ ઉકેલી નાંખી આરોપીને ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ બગસરા પોલીસ ઇન્સ્પેક્ટર આઈ.જે.ગીડાના માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ ઘરફોડ ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા માટે સી.સી.ટી.વી કેમેરાની મદદથી સઘન તપાસ કરી સંદિગ્ધ વ્યકિતઓની ખાનગી રાહે તપાસ ચલાવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સનો ઉપયોગ કરી ચોક્કસ બાતમી મેળવી વડીયા તાલુકાના સનાળી ગામે રહેતાં હરસુખ ઉર્ફે ચુવી કાળુભાઈ વાઘેલા તથા જસદણ તાલુકાના સોમલપર ગામે રહેતાં રોહિત કવુભાઈ જખાનીયા નામના બે ઇસમોને કોડીનાર પાસેથી પકડી પાડી ચોરીમાં ઉપયોગ કરેલ મોટર સાયકલ નં.ય્ત-૦૫-ન્ઝ-૩૦૩૮ કિમત રૂપિયા ૧૦,૦૦૦ તથા બીજી મોટર સાયકલ નં.ય્ત-૨૩-છત્ર-૮૭૧૪ કિમત રૂપિયા ૧૫,૦૦૦, ત્રીજા મોટર સાયકલ નં.ય્ત-૧૪-ઇ-૧૩૧૧ કિમત રૂપિયા ૫,૦૦૦ એક એન્ડ્રોઇડ મોબાઇલ કિમત રૂપિયા ૫૦૦૦ તથા બીજો એન્ડ્રોઇડ મોબાઇલ કિમત રૂપિયા ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૪૦ હજારનાં મુદ્દામાલ સાથે ઝડપી લીધાં હતાં. ઝડપાયેલ આરોપીઓની પોલીસે ઝીણવટ ભરી પૂછપરછ કરતાં આરોપી હરસુખ ઉર્ફે ચુવી કાળુભાઈ વાઘેલા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના ઁઝ કલમ ૩૦૨,૩૪ ય્..છઝ્ર કલમ ૧૩૫ મુજબના ગુન્હાના કામે છેલ્લા પાંચ વર્ષથી જેલમાં હોય અને આઠેક મહિના પહેલા ૭ દિવસની પેરોલ રજામાં આવેલ અને પેરોલ પરથી જેલે હાજર ન થઇ છેલ્લા આઠ મહિનાથી ફરાર હોવાની હકીકત જણાઈ આવેલ છે.

જ્યારે વંથલી પોલીસ સ્ટેશનના મ્દ્ગજી કલમ ૩૦૩(૨) મુજબના ગુન્હાના કામે હરસુખ ઉર્ફે ચુવી કાળુભાઈ વાઘેલા જુનાગઢ જેલમાંથી મોરબી જેલબદલી થયેલ હોય અને મોરબી જેલે લઇ જતા હતા તે દરમ્યાન પોલીસ જાપ્તામાથી ભાગી ગયેલ અને છેલ્લા આઠ મહિનાથી ફરાર હોવાની હકીકત જણાઈ આવેલ છે.

આશરે બે મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર મોટર સાઇકલ લઇને બગસરા તાલુકાના માવજીંજવા ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. ત્યા એક બંધ મકાનના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સોના-ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે. આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર મોટર સાઇકલ લઇને બગસરા તાલુકાના જામકા ગામે દિવસના સમયે ગયેલ હતાં. ત્યા એક બંધ મકાનના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સોનાના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે. આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા અક્ષય કાળુભાઈ વાઘેલા ત્રણેય ચાલીને બગસરા તાલુકાના હાલરિયા ગામે રાત્રીના સમયે ગયેલ હતા. ત્યા બે બંધ મકાનના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સોના-ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે. આશરે બે મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર મોટર સાઇકલ લઇને જેતપુર તાલુકાના ખીરસરા ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. ત્યા બંધ દૂધ-મંડળીના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સીસીટીવી કેમેરાના ઢ્ઢફઇ ની ચોરી કરેલ અને બાજુમાં આવેલ સ્વામીનારાયણ મંદિરની દાનપેટી તોડી તેમાં ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે. આશરે દોઢેક મહિના પહેલા દિવસના સમયે હરસુખ તથા રોહિત તથા સંજય સુરેશભાઈ વાઘેલા (રે.ગઢડા) ત્રણેયે સાથે મળી ગઢડાના સખપર ગામેથી એક મોટર સાયકલ ય્ત-૩૩-ઢ-૪૨૮૧ની ચોરી કરેલ જે મોટર સાયકલમાં પેટ્રોલ પૂરું થઇ જતા રોજમાળ ગામે બિનવારસી મૂકી દીધેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે બે મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર ત્રણેય મોટર સાઇકલ લઇને વડીયા તાલુકાના તાલાળી ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. ત્યા બે બંધ મકાનના તાળા તોડી તેમાંથી રોકડ રકમ તથા સોના-ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે ત્રણેક મહિના પહેલા દિવસના સમયે રોહિત તથા અક્ષય કાળુભાઈ વાઘેલા તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર ત્રણેયે સાથે મળી પોરબંદરના ગરેજ ગામેથી મોટરસાયકલ ય્ત-૨૫-ન્-૭૮૨૨ ની ચોરી કરેલ જે મોટર સાયકલ અક્ષય પાસે હોવાની હકિકત જણાવેલ છે. આશરે પાંચેક મહિના પહેલા હરસુખ તથા રોહિત બંને સાથે મળી બગસરા તાલુકાના હામાપુર ગામે પાસેથી મોટર સાયકલ ય્ત-૧૪-ઇ-૧૩૧૧ ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે ચારેક મહિના પહેલા રોહિત તથા રામકુ કાળુભાઈ વાઘેલા તથા અક્ષય કાળુભાઈ વાઘેલા ત્રણેયે સાથે મળી જામજોધપુરથી મોટરસાયકલ ય્ત-૧૦-ઝછ-૭૩૧૧ ની ચોરી કરેલ હતી.જેમાં રામકુ કાળુભાઈ વાઘેલા ગાડી સાથે પકડાઈ ગયેલ હતો. અને રોહિત તથા અક્ષય પકડવાના બાકી હોવાની હકિકત જણાવેલ છે. આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર મોટર સાઇકલ લઇને જેતપુર તાલુકાના થાણાગાલોલ ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. ત્યા બંધ દૂધ-મંડળીના તાળા તોડી તેમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોવાની હકિકત જણાઈ આવેલ છે. આશરે ચારેક મહિના પહેલા રોહિત તથા રામકુ કાળુભાઈ વાઘેલા તથા અક્ષય કાળુભાઈ વાઘેલા ત્રણેયે સાથે મળી જામજોધપુરથી મોટરસાયકલ ય્ત-૦૫-ન્ઝ-૩૦૩૮ ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત તથા અક્ષય કાળુભાઈ વાઘેલા ત્રણેય ચાલીને બગસરા તાલુકાના હુલરિયા ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. અને એક મોટર સાયકલ ચોરી કરેલ અને જે મોટર સાયકલ ગઢડા પાસે બિનવારસી હાલતમાં મૂકી દીધેલું હોવાની હકિકત જણાવેલ છે. આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત બંને સાથે મળીને ગોંડલ તાલુકાના દેરડી ગામેથી શાઇન મોટર સાયકલ ચોરી કરેલ અને જે મોટર સાયકલ બગસરા તાલુકાના હડાળા ગામે પેટ્રોલ પુરૂ થઇ જતા બિનવારસી હાલતમાં મૂકી દીધેલું હોવાની હકિકત જણાવેલ છે.

આશરે દોઢેક મહિના પહેલા રાત્રીના સમયે હરસુખ તથા રોહિત બંને સાથે મળીને બગસરા તાલુકાના હડાળા ગામેથી મોટર સાયકલ ચોરી કરેલ અને જે મોટર સાયકલ બગસરા તાલુકાના શીલાણા ગામે બિનવારસી હાલતમાં મૂકી દીધેલું હોવાની હકિકત જણાવેલ છે. આમ બગસરા પોલીસને અમરેલી, બોટાદ, જામનગર, રાજકોટ, પોરબંદર જિલ્લાઓમાં થયેલ ઘરફોડ ચોરીઓ તથા ચોરીઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવેલ છે. તથા આ કામનો આરોપી હરસુખ ઉર્ફે ચુવી કાળુભાઈ વાઘેલા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના ખૂનના ગુન્હામાં પેરોલ પરથી ફરાર હોય તથા પોલીસ જાપ્તામાંથી નાસી ગયેલ હોય અને આજદિન સુધી નાસ્તો ફરતો હોય જેને પકડી પાડવામાં પણ સફળતા મેળવેલ છે.

આરોપીઓની ગુન્હો કરવાની એમ.ઓ.

આરોપીઓ બળદો કરવાંના વેચાણ અર્થે ગામડાઓમાં બળદ ગાડા તથા બકરા લઇ ડંગા પડાવ નાખી રોકાઈ જતાં અને આજુબાજુના વિસ્તારના ગામોમાં રેકી કરી મોટર સાયકલોની ચોરી કરી તે મોટરસાયકલનો ઉપયોગ ઘરફોડ ચોરી કરવામાં કરી બાદ મોટરસાયકલ બિનવારસી મૂકી દેવાની ટેવવાળા છે.

અમરેલી જિલ્લામાં ચાલુ સિઝનમાં ફરી એક વખત ઠંડીમાં વધારો નોંધાયો : તાપમાનનો પારો ૯ ડીગ્રી

અમરેલી જિલ્લામમાં તાપમાનનો પારો ૯ ડીગ્રી સુધી નીચો આવતાં ટ્રાફિકથી ધમધમતા માર્ગો સુમસામ બન્યા

મિલાપ રૂપારેલ અમરેલી,

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી કોલ્ડ્વેવની અસર હોય ભારે પવન સાથે કડકડતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા છે. ત્યાહરે આજે વ્હે?લી સવારે અમરેલી જિલ્લામાં ચાલુ સિઝનમાં ફરી એક વખત ઠંડીમાં નોંધપાત્ર વધારો જોવાં મળ્યો છે. આજે અમરેલી ૯ ડિગ્રી જેટલું નીચું તાપમાન તાપમાન નોંધાયું છે. અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા ઘણાં દિવસથી ઠંડી પડી રહી છે. ઠંડીના કારણે

આજે સવારે શહેરના મુખ્યમ માર્ગો મોડે સુધી સૂમસામ જોવા મળતા હતા. ત્યા.રે સવારે સ્કૂલે જતાં બાળકો પણ રંગબેરંગી ગરમ કપડામાં ઢબુરાઈને સ્કૂલેજતાં જોવા મળતા હતા. જયારે મોર્નિંગ વોકમાં નીકળતા લોકો પણ ઠંડીના કારણે ઓછા જોવા મળી રહયા હતા. ગઇકાલે પણ દિવસભર હવામાન ઠંડુગાર રહેતા અને રાત ઢળતા જ ઠંડી વધી જતાં શહેરના વેપારીઓ પણ રાત્રે વહેલાસર ધંધા રોજગાર આટોપી અને ઘર તરફ નીકળી ગયા હતા.ત્યારરે આજે અમરેલી ખાતે મહત્તમ તાપમાન ૨૮-૯ લઘુત્તમ તાપમાન ૯-૦ ભેજનું પ્રમાણ ૬૮ ટકા અને પવનની ગતિ ૧-૨ કિ.મી. નોંધાયેલ છે.

અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહ પરિવારનો વસવાટ: શહેર વિસ્તારમાં હવે દીપડાના આંટાફેરાથી ભયનું લખલખુ પ્રસરી જવા પામેલ

મિલાપ રૂપારેલ અમરેલી

અમરેલી જિલ્લામાં ગીર વિસ્તાર આવતો હોય જેને લઈ અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહ પરિવારનો વસવાટ હોય જેને લઈ આ સિંહ વન વિસ્તાર છોડી માનવ વસ્તી આજુબાજુ પણ હવે વસવાટ કરી રહયાં છે. ત્યારે અમરેલી શહેર વિસ્તારમાં હવે દીપડાના આંટાફેરા વધી જતાં અને દીપડાના આંટાફેરા અંગેના મેસેજ સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં શહેરીજનોમાં ભયનું લખલખુ પ્રસરી જવા પામેલ છે. અમરેલી શહેરના ક્રીમ વિસ્તાર ગણાતાં ચિતલ રોડ ઉપર થોડા દિવસ પહેલાં અમરેલીના

એરપોર્ટમાં રાત્રીનાં સમયે દીપડો હોવા અંગેનો વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. આ વીડિયોમાં દીપડો દીવાલ ઠેકીને ભાગતો જોવા મળ્યો હતો.

ત્યારે અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ગણેશ સોસાયટીમાં રવિવારે મોડી રાત્રીનાં એક રહેણાંક મકાનમાં દીપડાએ દેખા દીધી હતી. ત્યારે વાહન નીકળતાં આ દીપડો ભાગીને નજીકમાં જ આવેલી પોસ્ટલ સોસાયટીમાં ઘુસી ગયો હતો. અને ત્યાં તેમણે શ્વાનનો શિકાર કર્યાં હોવાનું તથા ત્યાં જ નજીકમાં આવેલ અખાડા આજુબાજુ પણ દીપડાએ દેખા દીધી હોવાંનું લોકો જણાવી રહયાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી શહેરમાં છેલ્લા ઘણા જ સમયથી છાશવારે દીપડાના આંટાફેરા થતાં હોવાં અંગેના સમાચાર મળી રહયાં છે. ત્યારે અમરેલી શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસનાં દીપડા અંગેના સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા સમાચારથી શહેરીજનોમાં ભય પ્રસરી જવાં પામેલ છે.

અમરેલીની પરિણીતાને સંતાન મુદ્દે સાસરિયાએ મેણાટોણા માર્યા

અમરેલી

મુળ ગોંડલના અક્ષર મંદિર સામે યોગીનગરમાં રહેતા અને હાલ અમરેલીમાં હનુમાનપરા કડવા પટેલ સમાજની વાડીની બાજુમાં રહેતા હેતલબેન માવજીભાઈ ઓળકીયા (ઉ.વ.૪૧)એ ગોંડલના રાજુ સવજીભાઈ ઓળકીયા, નણંદ હંસાબેન રમેશભાઈ મકવાણા, ઉમેશ રમેશભાઈ મકવાણા અને વેરાવળના રશીલાબેન મનસુખભાઈ મકવાણા સામે મહિલા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેને સંતાન હોવાથી ચારેય લોકોએ વાંજણી કહી અવારનવાર મેણાટોણા મારી શારીરીક તથા માનસીક દુઃખ ત્રાસ આપ્યો હતો.

તેમજ અપશબ્દો આપી ચારેય લોકોએ તેને ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા એએસઆઈ બી.પી.આદ્રોજા વધુ આગળની ધોરણરસની તપાસ ચલાવી રહ્યા છે.

બગસરામાં મગફળી ખરીદી કૌભાંડ મામલે તપાસ એજન્સીઆ દ્વારા પ્રમુખના ખાનગી ગોડાઉનની ચકાસણી

બગસરા

બગસરામાં ટેકાના ભાવે મગફળી ખરીદીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને મગફળીની લૂંટ થતી હોવાનો કથિત વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાને પગલે બગસરા શહેરમાં વિવિધ તપાસ એજન્સીઓ દોડતી થઈ હતી. લોકચર્ચા મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલ તથા ઈડી (ઈઢ) સહિતના અધિકારીઓ તપાસ માટે આવી પહોંચ્યા હતા.

કરોડોના કૌભાંડની આશંકાને લીધે તપાસ એજન્સીઓએ વહેલી સવારે બગસરામાં ધામા નાખ્યા હતા. નજરે જોનાર લોકોના જણાવ્યા અનુસાર, બગસરા વિવિધ સહકારી સેવા મંડળીના પ્રમુખના પ્રાઈવેટ ગોડાઉનની સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત એજન્સીઓ દ્વારા લોકોના નિવેદન પણ લેવાઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. એનફોર્સમેન્ટ વિભાગે પણ ખાનગી રીતે તપાસમાં ઝુકાવ્યું હોવાની ચર્ચા છે.મગફળી ખરીદીમાં ખેડૂતો પાસેથી ભ્રષ્ટાચાર સ્વરૂપે રકમ ઉઘરાવવામાં આવતી હોવાના અને વચેટિયાઓ દ્વારા માલ કાઢી ખેડૂતોને હેરાન કરવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ બાબતે જો તટસ્થ તપાસ થાય તો દલાલોના ટેકાથી ચાલતું વ્યવસ્થિત કૌભાંડ બહાર આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

કૌભાંડના આક્ષેપો સામે ખેડૂતોનું આવેદનપત્ર

એક તરફ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે ત્યારે બીજી તરફ કૌભાંડના આક્ષેપો સામે બગસરા તાલુકા વિવિધ સેવા સહકારી મંડળીના સમર્થનમાં ૫૦ જેટલા ખેડૂતોએ આવેદનપત્ર પાઠવ્યું હતું. આ ખેડૂતોએ આક્ષેપ કરનાર કોંગ્રેસ પ્રવક્તા પર પગલાં લેવાની માંગ કરી છે. જોકે, આ ખેડૂતો મંડળી દ્વારા જ ઉભા કરવામાં આવ્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

બાબરાના કર્ણુકી ગામના પાટીયા પાસે ગમખ્વાર અકસ્માતમાં યુવાન ગંભીર

બાબરાઃબાબરાના કર્ણુકી ગામના પાટીયા પાસે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી હતી. પુરઝડપે જતી અર્ટિગા કારના ચાલકે બાઈક સવાર યુવકને જોરદાર ટક્કર મારતા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. કોટડાપીઠા ગામે રહેતા કાળુભાઇ રવજીભાઇ વાવડીયા, (ઉ.વ.૪૩)એ જયદિપભાઇ કિશોરભાઇ રાણપરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના કાકાના દીકરા જયસુખભાઇ ઉર્ફે દિલો રમેશભાઇ વાવડીયા પોતાનું હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઇકલ (નંબરઃ ય્ત-૦૧-ઝસ-૭૫૮૨) લઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન કર્ણુકી ગામના પાટીયા પાસે સામેથી આવતી ગ્રે કલરની અર્ટિગા કાર (નંબરઃ ય્ત-૦૩-સ્ન-૯૭૬૫) ના ચાલકે તેમને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં જયસુખભાઇને ગંભીર ઈજાઓ પહોંચી હતી. કાર ચાલક જયદિપભાઇ કિશોરભાઇ રાણપરીયા (રહે. રાજકોટ) વિરુદ્ધ બેફિકરાઈ અને ગફલતભરી રીતે વાહન ચલાવી અકસ્માત સર્જવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે વાહન ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.સી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીના ફતેપુર ગામે યુવતી પર હુમલોઃ બંને પક્ષોની સામસામી ફરિયાદ

અમરેલીઃઅમરેલી જિલ્લાના ફતેપુર ગામમાં આંગણવાડી તેડાગર તરીકે નોકરી કરતી ધ્રુવિતાબેન જગદીશભાઇ પરમારે દયાબેન કમલેશભાઇ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, તેમની અને તેના પરિવાર સાથે આરોપી અવારનવાર બોલાચાલી અને ઝઘડો કરતા હતા. આ સતત થતી હેરાનગતિ અંગે તેમણે અગાઉ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ બાબતની દાઝ રાખીને આરોપીએ હિંસક હુમલો કર્યો હતો.આરોપીએ તેમના માથાના તેમજ શરીરના અન્ય ભાગોએ ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. હુમલા દરમિયાન આરોપીએ તેમના બંને હાથ પર નાખોરીયા ભરીને લોહીલુહાણ કરી ઈજા પહોંચાડી હતી. જ્યારે અન્ય એક વ્યક્તિ વચ્ચે બચાવવા પડ્યા, ત્યારે આરોપીએ તેમને પણ મૂંઢમાર મારી નાખોરીયા ભરી દીધા હતા. હુમલો કર્યા બાદ આરોપીએ તેમને અને સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ત્યાર બાદ દયાબેન કમલેશભાઇ રાઠોડ (ઉ.વ.૩૫)એ જગદીશભાઇ બચુભાઇ પરમાર, ધ્રુવિતાબેન, પ્રિયાબેન અને અપેક્ષાબેન સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, જગદીશભાઇ પરમારે તેમના વાડામાં જવાના રસ્તામાં ખાડો ખોદ્યો હતો. જેથી તેમણે ખાડો બુરી દેવાનું કહેતા સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઇ જઇ ગાલ ઉપર બે જાપટો મારી પેટ ઉપર બે લાત મારી પેટમાં મુંઢ ઇજાઓ કરી હતી

લીખાળામાં ૪ શખ્સે આધેડને ઢીકાપાટુનો માર માર્યોઃ રાવ

સાવરકુંડલા

સાવરકુંડલાના લીખાળામાં ચાર શખ્સોએ આધેડને ઢીકાપાટુનો માર માર્યો હતો. ઉપરાંત કુહાડીનો ઘા ઝીકી દીધો હતો. આ અંગે આધેડએ ચારેય સામે સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

લીખાળામાં રહેતા દેવરાજભાઈ નાથાભાઈ ડાભી(ઉ.વ.૫૦)એ મહેશ ગોરધનભાઈ વાઘેલા, સુરેશ ગોરધનભાઈ વાઘેલા, દિપક ગોરધનભાઈ વાઘેલા અને હરેશ ભનુભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૫ જાન્યુઆરીના રોજ સાંજને પાચેક વાગ્યે તે અને તેના દિકરી વાડીએ નેરામાં લાકડા વિણવા ગયા હતા. તે દરમિયાન ચારેય શખ્સોએ ડેમમાં માછલા પકડતા હતા અને જોર જોરથી ગાળો બોલતા હતા. તેને ગાળો બોલવાની ના પાડતા ચારેય ઉશ્કેરાયા હતા.

મહુવા બાયપાસ પાસે એસ.ટી.ની અડફેટે સા.કુંડલાના આધેડનું કરૂણ મોત

અમરેલી

અમરેલી-મહુવા બાયપાસ પર આજે સવારે થયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં સાવરકુંડલાના રહેવાસી કનુભાઈ ખીમજીભાઈ નગવાડિયા (ઉ.વ.૫૫)નું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું છે. કનુભાઈ પોતાના વાહન પર મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા ત્યારે મહુવા-જામનગર રૂટની એસ.ટી. બસે તેમને અડફેટે લીધા હતા. ટક્કર એટલી



જોરદાર હતી કે કનુભાઈ આશરે ૩૦ ફૂટ સુધી ઢસડાયા હતા, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ થયું હતું. આ સમાચારથી સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાયો છે. સાવરકુંડલા ટાઉન પોલીસે અકસ્માતની ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.